# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-01-2026** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) ગાંધીનગરમાં ટાઈફોઈડના કેસોમાં અચાનક ઉછાળો આવતા સરકાર હરકતમાં- ૨૨ ડોક્ટરોની ટીમ તૈનાત.

2) પંચાયત મંત્રી ઋષિકેશ પટેલે જિલ્લાના આયોજનના અનુદાનમાંથી સવા ગણું આયોજન કરવા જિલ્લા વિકાસ અધિકારીઓ – DDOને સૂચના આપી.

3) અમદાવાદના વરિષ્ઠ નાગરિકને ડિજિટલ અરેસ્ટ કરી છેતરપિંડી કરનારા 12 આરોપીની ધરપકડ.

4) રાજ્યભરમાં પોષી પૂનમની ધાર્મિક આસ્થાભેર ઉજવણી.

5) કર્ણાટકમાં રમાયેલી વિજય હઝારે ક્રિકેટ ટ્રોફીમાં આંધ્ર સામે ગુજરાતનો વિજય.

--------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# HARSH SANGHAVI

રાજ્યની રાજધાની ગાંધીનગરમાં ટાઈ ફોઈડના કેસોમાં અચાનક ઉછાળો આવતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે જિલ્લા કલેક્ટર તેમજ મેયર સાથે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજી પરિસ્થિતિની સમીક્ષા કરી.

શ્રી સંઘવીએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલોની રૂબરૂ મુલાકાત લઈ દર્દીઓને મળી રહી રહેલી સારવારનું નિરીક્ષણ કર્યું હતું . તેમણે જણાવ્યું કે , રોગચાળાને ડામવા માટે તાત્કાલિક ધોરણે ૨૨ નિષ્ણાત ડોક્ટરોની ટીમ બનાવવામાં આવી છે.

આ ઉપરાંત , વહીવટી તંત્રના વિવિધ અધિકારીઓને અલગ-અલગ જવાબદારીઓ સોંપીને કામગીરીનું સતત મોનિટરિંગ કરવા આદેશ અપાયા છે . કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ ટેલિફોનિક વાત કરી પરિસ્થિતિની સમિક્ષા કરી હોવાનું તેમણે ઉમેર્યું હતું

(બાઇટ - હર્ષ સંઘવી)

ઉલ્લેખનીય છે કે , હાલમાં શહેરમાં ટાઈ ફોઈડના ૧૦૪ જેટલા શંકાસ્પદ કેસો સામે આવ્યા છે.

. .

# DDO CONFERENCE GNR

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ મંત્રી ઋષિકેશ પટેલે જિલ્લાના આયોજનના અનુદાનમાંથી સવા ગણું એટલે કે , 125 ટકા આયોજન કરવા જિલ્લા વિકાસ અધિકારીઓ – DDOને સૂચના આપી છે. ગાંધીનગરમાં DDO પરિષદમાં તેમણે ગ્રામ્યસ્તરે ચાલી રહેલી વિકાસલક્ષી યોજનાઓની પ્રગતિની સમીક્ષા કરી અને અધિકારીઓને માર્ગદર્શન આપ્યું.

બેઠકમાં મંત્રીશ્રીએ કોઈ કામ રદ થાય તો અન્ય કામ તાત્કાલિક હાથ ધરી શકાય તેવુ આયોજન કરવા પણ સૂચના આપી છે. વધુમાં તેમણે જિલ્લાના સરકારી મકાનો પર સ્માર્ટમીટર અને સૉલાર રૂફટોપ લગાવવાની પ્રાથમિકતા પર ભાર મૂક્યો. ગ્રામીણ વિસ્તારોમાં રોડ , પાણી અને ગટરના કામની સમીક્ષા કરતા મંત્રીશ્રીએ સંકલિત ગટર વ્યવસ્થા કરવા પણ સૂચન આપ્યું.

. . .

# CYBER CRIME - ARREST

અમદાવાદના એક વરિષ્ઠ નાગરિકને 20 દિવસ સુધી ડિજિટલ અરેસ્ટ કરી છેતરપિંડી કરનારા 12 આરોપી પકડાયા છે. આરોપીઓએ પોલીસ, ED સહિતની સંસ્થાઓના અધિકારીઓની હોવાની ખોટી ઓળખ આપી સાત કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી કરી હોવાનું સાઇબર ક્રાઈમના ACP એચ.એસ.માંકડિયાએ જણાવ્યું.

(BYTE -- H S MANKDIYA ACP SYBER CRIME)

. . . .

# RAJYAPAL GANDHINAGAR

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં ગાંધીનગરના લોકભવન ખાતે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અમલી યોજનાઓની ઉચ્ચસ્તરની સમીક્ષા બેઠક યોજાઈ, જેમાં રાજ્યપાલશ્રીએ આદિવાસી સમાજના આર્થિક ઉત્થાન માટે પ્રાકૃતિક ખેતી અને શિક્ષણ સૌથી સશક્ત માધ્યમ ગણાવ્યું. તેમણે કહ્યું , આદિવાસી વિસ્તારોમાં વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અને બાગાયત અપનાવે તે સમય હવે આવી ગયો છે.

રાજ્યપાલશ્રીએ શિક્ષણની ગુણવત્તામાં ક્યાંય બાંધછોડ ન થવી જોઈએ તેવી અધિકારીઓને તાકીદ પણ કરી હતી. આ બેઠકમાં રાજ્યના આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ, સ્વરોજગાર અને ખેતી ક્ષેત્રે થઈ રહેલા વ્યાપક સુધારાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી.

. . . .

# GNR POLICE ARREST

ગાંધીનગરની દહેગામ પોલીસે જાતીય ગુનાઓથી બાળકોનું રક્ષણ કાયદો – પોક્સો કેસના આરોપીને પકડ્યો છે. પોલીસ કર્મચારીઓએ વેપારી બનીને ત્રણ વર્ષથી ફરાર આરોપીને મહેસાણાના ટીબી માર્ગ પરથી પકડ્યો હતો. હાલમાં તેને અમદાવાદ મધ્યસ્થ જેલમાં મોકલાયો હોવાનું ગાંધીનગરના જિલ્લા પોલીસ વડા રવિતેજા વાસમશેટ્ટીએ વધુ જણાવ્યું.

(BYTE: RAVI TEJA VASAM SHETTY, SP, GANDHINAGAR)

. . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

........

# PSI LRD BHARATI

રાજ્ય પોલીસમાં PSI અને લોકરક્ષક દળની 13 હજાર 591 જગ્યાઓ માટેની શારીરિક કસોટી આગામી 21 જાન્યુઆરીથી શરૂ થશે. ભરતી બૉર્ડ દ્વારા સોશિયલ મીડિયા પર જણાવ્યું , 14 લાખ 28 હજાર જેટલા ઉમેદવારોએ આ વખતે પોલીસ ભરતીમાં અરજી કરી છે. શારીરિક કસોટી માટેના પ્રવેશપત્ર ક્યારે અને કેવી રીતે ડાઉનલોડ કરવા તે અંગેની માહિતી ટૂંક સમયમાં ભરતી બૉર્ડની વૅબસાઈટ પર મુકાશે.

. . .

# NAMOSHREE YOJANA

રાજ્યમાં ગત એક વર્ષમાં નમોશ્રી યોજના હેઠળ સાત લાખથી વધુ લાભાર્થીને સરકાર દ્વાર 437 કરોડ રૂપિયાથી વધુની રકમ ચૂકવવામાં આવી છે. રાજ્યની સગર્ભા મહિલાઓ આ યોજનોનો બે પ્રસુતિ સુધી લાભ લઈ શકે છે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે, 'નમો શ્રી યોજના' હેઠળ રાજ્યમાં આરોગ્ય અને પોષણમાં સુધારો લાવવાના હેતુસર સગર્ભા માતા તેમજ ધાત્રિ માતાને કુલ 12 હજાર રૂપિયાની સહાય ચાર તબક્કાવાર સીધા જ તેમના બેન્ક ખાતા - DBT મારફતે અપાય છે. આ માટે વાર્ષિક કુલ 488 કરોડ રૂપિયાથી વધુની જોગવાઈ કરવામાં આવી છે.

. . .

# POSHI PURNIMA - OVER ALL

રાજ્યભરમાં પોષ મહિનાની પૂનમની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. વિવિધ ધાર્મિક સ્થળોને વિશેષ શણગાર કરાયો છે.

બનાસકાંઠામાં આવેલા સુપ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજીમાં માતાજીના પ્રાગટ્ય મહોત્સવને વધાવવા વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું છે. મંદિર પરિસરમાં વિશ્વ શાંતિ અને લોકકલ્યાણ અર્થે વિશેષ યજ્ઞ પણ કરાયો. તેમજ મંદિરમાં ધરાવાયેલા વાનગીઓના છપ્પન ભોગ અન્નકૂટના ભક્તોએ દર્શન કર્યાં.

અંબાજીના એક ભક્તનો પ્રતિભાવ સાંભળીએ......

(બાઈટ – અંબાજી ભક્ત)

ખેડાના નડિયાદ સ્થિત સંતરામ મંદિરમાં આજે રાજ્યભરમાંથી આવેલા ભક્તોએ 'જય મહારાજ'ના નાદ સાથે બોરની ઉછામણી કરી. આ ઉત્સવમાં દિવ્યજ્યોતના દર્શન અને માનતા પૂરી થવાનું વિશેષ મહત્વ હોવાથી સવારથી જ ભક્તોની લાંબી કતાર લાગી છે. મંદિરનાં દર્શને આવેલાં ભક્તજન શું કહે છે સાંભળીએ...

(બાઈટ – ભક્ત)

અરવલ્લીના યાત્રાધામ શામળાજી ખાતે પણ સવારથી જ ભક્તોની ભીડ જામી છે. શામળીયા દેવની મૂર્તિને સોના અને હીરાજડિત આભૂષણોથી શણગાર કરાયો હોવાનો મંદિરના પૂજારીએ જણાવ્યું.

(બાઈટ – શામળાજી પૂજારી)

. . .

# VIJAY HAZARE SAURASHTRA

ક્રિકેટની વિજય હઝારે ટ્રોફી સ્પર્ધામાં આંધ્ર સામેની મેચમાં ગુજરાતનો સાત રનથી વિજય થયો. કર્ણાટકના અલુરમાં KSCA ક્રિકેટ – 3 મેદાનમાં રમાયેલી મેચમાં ગુજરાતે પહેલા બેટિંગ કરી નિર્ધારિત 50 ઓવરમાં નવ વિકેટ ગુમાવી 318 રન બનાવ્યા. જવાબમાં આંધ્રની ટીમ સાત વિકેટે 311 રન જ બનાવી શકી હતી.

ગુજરાત તરફથી સૌથી વધુ 130 રન અક્ષર પટેલે અને વિજય જયસ્વાલે 70 રન કર્યા. જ્યારે આંધ્રની ટીમમાંથી સી.આર. જ્ઞાનેશ્વરે સૌથી વધુ 102 રન બનાવ્યા હતા. તો ગુજરાતના રવિ બિશ્નોઈએ ત્રણ , અરઝાન નાગવાસ-વાલા અને અક્ષર પટેલે બે-બે વિકેટ લીધી હતી.

અન્ય એક મેચમાં રેલવેઝ સામે સૌરાષ્ટ્રનો વિજય થયો છે. સૌરાષ્ટ્ર-એ પહેલા બેટિંગ કરી આઠ વિકેટ ગુમાવી 294 રન કર્યા હતા. જવાબમાં રેલવેઝની ટીમ 263 રન પર ઑલ-આઉટ થઈ હતી. સૌરાષ્ટ્ર તરફથી સૌથી વધુ 147 રન બનાવનારા સમર ગજ્જરને પ્લેયર ઑફ ધ મેચ જાહેર કરાયા હતા.

. . . . . .

# WEATHER

રાજ્યમાં આવતીકાલથી ત્રણ દિવસ ઠંડીનું જોર ઘટી શકે છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદિપ શર્માએ જણાવ્યું કે, આગામી એક દિવસ દરમિયાન તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા નહીવત્ છે. સાથે આગામી નવ તારીખ સુધી રાજ્યમાં વરસાદની કોઈ આગાહી નથી.

ગત ચોવીસ કલાકમાં સાત ડિગ્રી સેલ્સિયસ સાથે કચ્છનું નલિયા સૌથી ઠંડું શહેર રહ્યું છે.

. . . .